## વિશ્વ-પ્રાર્થના

ઓ સ્નેહ અને કરુણામૂર્તિ પૂજ્ય પ્રભુ !
તને નમસ્કાર હો ! નમસ્કાર હો !
તું સચ્ચિદાનંદઘન છે
તું સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે.
તું સર્વાન્તરયામી છે.
અમને ઉદારતા, સમદર્શિતા અને સમતા આપ.
શ્રદ્ધા, ભક્તિ અને ડહાપણ આપ.
અમને આધ્યાત્મિક અંતઃશક્તિ આપ, કે જેથી
અમે વાસનાઓનું દમન કરી મનોવિજેતા બનીએ.
અમને અહંકાર, કામ ક્રોધ, લોભ અને દ્વેષથી મુક્ત કર.
અમારું હૃદય દિવ્યગુણોથી ભરી દે.
બધાં જ નામરૂપોમાં તારું જ દર્શન કરીએ.
બધાં જ નામરૂપોમાં તારી જ સેવા કરીએ.
હંમેશા તારું જ રટણ કરીએ, તારું જ સ્મરણ રહે.
તારો જ મહિમા ગાઈએ.
કેવળ તારું જ પાપનાશક નામ અમારા હોઠ પર રહે.
અમે તુંમાં જ સ્થિર થઈએ.

- સ્વામી શિવાનંદ

Print Vision

# આતમ મહેક

- સ્વામી અધ્યાત્માનંદ

Karma, Bhakti, Dhyana, Jnana, Moksha
ૐ
Sri Divya Jivan Sanskrutik Sangh



# અઢાર '-તા'નું ગીત

ૐ શ્રીરામ જય રામ જય જય રામ(૨)
સ્વસ્થતા, નિયમિતતા, નિરાડંબરતા,
સહૃદયતા, નિખાલસતા, સત્યશીલતા;
સમતા, સ્થિરતા ને અનુત્તેજૂયતા,
અનુકૂલનીયતા, નમ્રતા, ચીવટતા;
અખંડતા, કુલીનતા, મહાનુભાવતા,
દાનશીલતા, ઉદારતા ને નિર્મળતા,
રોજ રોજ આચરો આ અઢાર '-તા'
તમને તરતો તરત મળશે અમરતા;
તમને મળશે શાશ્વતતા અને અનંતતા.
બ્રહ્મ એ જ ફક્ત સાચું વ્યક્તિત્વ,
અમુક ભાઈ-બહેન એ ખોટું વ્યક્તિત્વ;
તમને લાગશે એકતા વિવિધતામાં,
મળશે નહિ આ કોઈ પણ વિશ્વવિદ્યાલયમાં.
શ્રીરામ જય રામ જય જય રામ(૨)

પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૨૦૧૦ (૩૦૦૦ પ્રત)     કિંમત : રૂ. ૧૦
પ્રકાશક :
**શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૦૭૯-૨૬૮૬૧૨૩૪, ટેલીફેક્સ : ૦૭૯-૨૬૮૬૨૩૪૫
Email: sivananda_ashram@yahoo.com • Website: www.divyajivan.org

ॐ

**પ્રાર્થના!**

હે પ્રભુ!
મને પ્રભુ બનાવ.
કે જેથી મને તારી પ્રભુતા મળે.
ને મળે મને તારી કરુણા, ક્ષમા, ઉદારતા અને દયા.
તારી ઉદારતા અને પ્રકૃતિ પ્રત્યેનો તારો પ્રેમ;
તારી ક્ષમતા, ઓજસ, તેજ અને ગુરુત્વ.
આ બધું મને મળે જ;
આ સિવાય તારા ભંડારમાં જે કંઇ હોય
સુખદ, સમૃદ્ધ અને શાંતિપૂર્ણ તે બધું જ મને આપ;
અને પછી હું પ્રાર્થું કે;
આ પ્રાર્થના સૌ કોઈ કરે, જેથી બધાને આ બધું જ મળે;
અને વિશ્વ બને સર્વાંગ સુંદર, પરિપૂર્ણ બસ,
તારું જ રૂપ, તારું જ સ્વરૂપ.
ૐ શાંતિ

- સ્વામી અધ્યાત્માનંદ

શાંતિ ચાહતા હો,
તો શાંતિ આપો.
કોઈપણ અવસ્થામાં શાંત રહો.
શાંતિ તો આપણા
આત્માનું સાચું સ્વરૂપ છે.
માટે શાંતિ જ ચાહો,
અને શાંતિ આપો.

શાંતિ અસંભવ નથી.
જેવું વાવીએ, તેવું લણીએ.
જેવું વિચારીએ; તેવું પામીએ.
જાગતાં, સૂતાં, ઉઠતાં કે બેસતાં,
સદૈવ શાંતિમય વિચારો જ વિચારો.
શાંતિ જ મળશે.
આ સંભવ છે.
કારણ તમારું જીવન
શાંતિપ્રિય બન્યું છે.

મન એક વૃક્ષની ડાળી જેવું છે
વૃક્ષ પર પક્ષીઓ ગમે
ત્યારે આવી શકે.
તેમ મનમાં વિચારો પણ
ગમે ત્યારે આવે અને જાય.
મન એટલે વિચારોનો સમૂહ,
આશ્રયસ્થાન
પરંતુ ડાળી પક્ષીઓને આવતાં
જતાં અટકાવી શકે નહીં.
આ મન વિચારોનું
આવાગમન અટકાવી શકે છે.

ચીભડું કોળા જેવું થઇ ન શકે;
ગુવાર દૂધી જેવો ન થઇ શકે.
કેળું લાંબુ જ હોય.
કેરી લાંબી ન થઇ શકે.
આ બધું પ્રાકૃતિક છે.
પરંતુ આપણે આપણા સ્વભાવને
બદલી શકીએ છીએ,
કારણ ઈશ્વરે આ શક્તિ
શાકભાજીને આપી નથી,
માત્ર માનવને જ આ ઈશકૃપા વરેલ છે.
પરિવર્તન માટે જાગૃત બનો અને
આદર્શ માનવજીવનને પામો.

આંતરિક પરિવર્તન શક્ય છે?
જી હા!
પ્રાર્થના કરો.
પ્રાર્થનામાં અપાર શક્તિ છે.
પ્રાર્થનામાં અક્ષુણ્ણ બળ છે.
પ્રાર્થના  પર્વતોને હલાવી શકે.
માટે પ્રાર્થો, અને આંતરિક
પરિવર્તનને પામો.

પ્રાર્થના એટલે કંઇ માગવાનું નથી.
પ્રાર્થના તો આપણને અને
ઈશ્વરને જોડતો સેતુ છે.
ઈશ્વરની કરુણા પામવાનો સ્રોત છે.
માટે પ્રાર્થના અચૂક કરો.

પ્રાર્થના હૃદયથી કરો.
પ્રાર્થનામાં આર્દ્રતા લાવો.
પ્રાર્થનામાં કરુણા અને પ્રેમભરી દો.
પ્રાર્થનામાં તમારું સર્વસ્વ જોડી દો.
પ્રાર્થના તન અને મનથી કરો.
પ્રાર્થનાથી જ પ્રભુપ્રીતિ મળશે અને
અંતે પ્રભુ પણ મળશે.

ઈશ્વર અને આપણી વચ્ચે જો કંઇ
અવરોધ હોય તો તે છે માત્ર
‘‘અહંકાર’’.
માટે સરળ બનો. સહજ બનો.
નિર્મળ બનો. નિષ્કપટ બનો.
આ બધું પ્રાર્થનાથી મળશે અને
નાબુદ થશે, આપણો અહંકાર.

કોઇ પણ પ્રાર્થના કદીયે
નિષ્ફળ જતી નથી.
વહેલી કે મોડી તમામ પ્રાર્થના
ઈશ્વર સાંભળે જ છે અને
ઈશ્વર પાસે નિખાલસ
મને જે કંઇ કહીએ,
તે સાંભળી ઈશ્વર સદૈવ
સત્વરે દોડી આવે છે.
આ સત્ય છે.
મેં અનુભવ્યું છે.
તમો પણ અનુભવી શકો છો.

આપણા પ્રયત્ન પ્રમાણિક હોય તો
સ્વર્ગનું સામ્રાજ્ય આપણને
આ પૃથ્વી પર મળી શકે છે.
ઈશ્વર પણ મળી જ શકે છે.
અહીં એક પ્રશ્ન છે,
કે આપણી ઈશ્વરની પ્રાપ્તિ
માટેની ઇચ્છા કેટલી પ્રબળ છે.

અદમ્ય ઇચ્છાશક્તિનો
જુવાળ તમારી અંદર છે.
તેને જપ, ધ્યાન અને
પ્રાર્થનાથી પ્રગટ કરો.
વિશ્વનાં તમામ સુખ, સાહેબી, શાંતિ,
ઉન્નતિ અને ઉત્કર્ષ તમોને વરશે.
જેવું માગશો તેવું મળશે.
ઈશ્વરનું વિશ્વ કે ઈશ્વર?
શું માગવું તે નિર્ણય
તમારે લેવાનો છે.

જપ તો કરવો જ પડે.
જપ એટલે પ્રભુસ્મરણનું સાતત્ય,
તમો ક્યા મંત્રનો જપ કરો છો,
તે ગૌણ છે,
જપ કરો છો, તે જ મહત્ત્વનું છે.
માટે પ્રત્યેક શ્વાસમાં
પ્રભુસ્મરણનું અનુસંધાન કરો.
દિવ્યતા, ભવ્યતા અહીં જ છે,
તેની અનુભૂતિ થશે.

ઈશ્વર, અલ્લાહ, આહુરમઝદા,
ઝંદેવસ્ત, વાહેગુરુ, સતનામ,
જીસસ, મોસસ, બુદ્ધ, મહાવીર,
રામ કે કૃષ્ણ! આ બધું એક જ છે.
એક જ પરમાત્માનાં વિવિધ નામ.
કોને ભજો છો, તે મહત્ત્વનું નથી.
બસ ભજો !
સંપૂર્ણ શરણાગતિ સ્વીકારો
અને માનવજીવન સાર્થક કરો.

ગુરુનું જીવનમાં મહત્ મહત્ત્વ છે.
ગુરુકૃપા થી જ સાધના શક્ય બને.
ગુરુમાં અનન્ય શ્રદ્ધા રાખો.
ગુરુથી જ આપણું શિષ્યત્વ
સાર્થક થશે.
ગુરુ એકડો છે. આપણે મીંડા છીએ.
ગુરુ વગરનું જીવન એકડા
વગરનાં મીંડા જેવું છે
માટે ગુરુને સમર્પિત થઈએ,
અને ગુરુકૃપાથી
ઈશકૃપાની પ્રાપ્તિ કરીએ.

યોગ, ધ્યાન, જપ,
સ્વાધ્યાય, સાધના
આ બધું જ ગુરુકૃપા
વગર નકામું છે.
ગુરુકૃપાના પાયા
ઉપર જ સાધનાનું મકાન
બાંધી શકાય.

ગમે તેટલાં હલેસાં મારો,
પરંતુ પવન જો તમારી તરફેણમાં
ન હોય તો બધું જ વ્યર્થ.
આધ્યાત્મિક સાધનામાં ગુરુકૃપાનું
ખૂબ જ મોટું અને
અગત્યનું મહત્ત્વ છે.

તમે ઊંચી કૂદ જોઇ છે.
તે વાંસ પકડીને કરાય.
પરંતુ એક એવી ક્ષણ હોય કે
જ્યારે તે વાંસને છોડી દેવો પડે;
ત્યારે જ ઊંચાં દોરડાંની પેલે પાર
જવાય પરંતુ ત્યાં સુધી તો
વાંસ પકડવો જ પડે,
અને તે વાંસને સાથે લઇ જઇને
કૂદી પણ ન શકાય.
આમ જીવનમાં અધ્યાત્મસાધનાની
એક ક્ષણ એવી આવશે કે
ત્યાં તમારે ગુરુને છોડી જ દેવા પડે
પરંતુ તે ક્ષણ સુધી તો
તેને પકડી રાખવા જ પડશે.

કન્યાઓનું ભણતર
જેટલું આવશ્યક છે,
તેટલું જ તેમનું સંરક્ષણ
પણ આવશ્યક છે.
દીકરીને લાડ કરો,
પણ મોબાઇલ અને વેબસાઇટવાળું
કોમ્પ્યુટર આપશો નહીં.
દીકરીને સુસંસ્કૃત, શીલ, લજ્જા,
મર્યાદા વિવેકની સંપત્તિ આપો.
તે તેના ભવને અજવાળશે.
આ વિચાર નથી પણ
ગંભીર આવશ્યકતા છે.

આ પૃથ્વી પર
આપણું એક ઋણ છે.
પૃથ્વી પર આપણે જન્મ્યા.
આ પૃથ્વી આપણી જનની છે.
તેનું દોહન ઓછું કરો.
તેનો શૃંગાર કરો.
વૃક્ષારોપણ : વૃક્ષોનો ઉછેર
અને પર્યાવરણનું સંરક્ષણ.

તમો નાનાં બાળકો
સાથે રમો છો?
વડીલો વૃદ્ધો સાથે શાંતિથી
બેસીને વાતચીત કરો છો?
આ બંને વાત જરૂરી છે.
બાળકો સાથે રમો-
વડીલો સાથે બેસો.
તનાવમુક્ત થશો.

તમારી અંગત પ્રાર્થના તો કરો જ.
પરંતુ પરિવાર સાથે
બેસીને પણ પ્રાર્થના કરો.
પરિવાર ભોજન અને
ભજન સાથે કરે.
પારિવારિક એક્તામાં જ
રાષ્ટ્રની એક્તા અને
અખંડતા સંભવી શકે.

પારિવારિક પરસ્પર પ્રેમ,
સદ્ભાવ, સન્માન,
ઉદારતા, ન્યોચ્છાવરથી જ
પરિવાર સબળ બને.
સ્વાર્થત્યાગ અને પરમાર્થની
ભાવનાથી જ ભારતીય
સંસ્કૃતિ ટકી રહી છે.

સત્ય એટલે જ ઈશ્વર.
સત્યને છોડશો નહીં.
સત્ય થકી જ ઈશ્વર પ્રાપ્ત થશે.
વાત નાની હોય કે મોટી
સદા સત્યનું પાલન કરો.
અસત્યને ત્યાગો.
સત્ય થકી જ ધર્મનું પાલન થશે.
ધર્મનાં સંરક્ષણમાં
જ આપણી રક્ષા છે.

સાધના એટલે અનુશાસન.
જીવનની પ્રત્યેક પળે,
પ્રત્યેક ક્ષણે અનુશાસનને
મહત્ત્વ આપો.
અનુશાસન એટલે જ યોગ.
યોગ એટલે શાંતિ, સુલેહ,
સમતા અને શાશ્વત આનંદ.

પ્રભુ! પ્રભુ! પ્રભુ!
આ એક જ વિચારને
સદૈવ શ્વાસમાં લો,
તમારા પ્રત્યેક શ્વાસોચ્છ્વાસમાં
પ્રભુને જ ધારણ કરો.
પ્રભુનું સતત ચિંતન તમોને
પ્રભુકૃપાની પ્રાપ્તિ
અવશ્ય કરાવશે.

ગુરુકૃપાની પ્રાપ્તિ માટેની
એક માત્ર ચાવી છે,
આજ્ઞાંકિતતા અને તેમના
આદેશનું પાલન.
ગુરુમાં શ્રદ્ધા; અનન્ય શ્રદ્ધા,
અખૂટ શ્રદ્ધા.
સંપૂર્ણ વિશ્વાસ; બસ.
આટલું થાય તો બેડો પાર.

જીવનની એક જ માત્ર
અભિલાષા,
હે નાથ!
હું જેવો છું,
બસ તારો જ છું, હે પ્રભુ!
હું તું થકી જ છું,
બસ આ હું મટી જાય.
અને તું જ રહી જાય.
ૐ શાંતિ.